# દારૂના અડ્ડા બંધ કરાવવા ભીલકૂવાના યુવાનનો આત્મહત્યાનો પ્રયાસ

## મોડાસાના ભીલકૂવામાં બુટલેગરો તથા પોલીસના ત્રાસથી યુવાને ઝેરી દવા ગટગટાવી : મોડાસા ટાઉનહોલમાં મંત્રીને આવેદનપત્ર આપ્યા બાદ ઝેરી દવા પીધી

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ભીલકુવા ગામમાં ફેલાયેલી દારૂના અડ્ડાઓનો વિરોધ કરનાર યુવાનને વિવિધ કેસોમાં ફીટ કરી પોલીસ તથા બુટલેગરો દ્વારા પરેશાન કરવામાં આવતા આજે ટાઉનહોલ નજીક ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. આ યુવાનને મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં સ્થિતિ નાજુક હોવાની ચર્ચા છે.



અરવલ્લીના મોડાસા તાલુકાનો ભીલકૂવાનો રહેવાસી બાબુસિંહ દિપસિંહ ચૌહાણ નામના યુવકે ભીલકૂવા ગામમાં ૯૫ ટકા લોકો દારૂના વ્યસની હોવાથી ઠેર ઠેર ફાટી નિકળેલા દારૂના અડ્ડા બંધ કરાવવા ઝુંબેશ ઉપાડી હતી. જેના લીધે થોડા સમય પહેલા તેના પર હૂમલો થયો હતો. આ ઉપરાંત ગામના ૭ જેટલા શખ્સો, બુટલેગરો તથા પોલીસના જમાદારો ભેગા મળીને આ યુવકને વિવિધ ખોટા કેસમાં ફીટ કરી ગાળો બોલી જેલમાં નાખી દેવાની ધમકી આપતા રહેતા હતા. આ યુવકે માનવ અધિકાર પંચ સહિત વિવિધ સરકારી ખાતામાં લેખિત અરજી કરવા છતાં દારૂના અડ્ડા બંધ થતા ન હતા. તેથી આજે આખરે ના છૂટકે કંટાળીને યુવાધનને બચાવવાના એક માત્ર આશય સાથે મોડાસા ટાઉનહોલમાં આવેલા મંત્રી નિતીન પટેલને સ્ટેજ ઉપર જઈ આવેદનપત્ર આપી નીચે જઈને ઝેરી દવા ગટગટાવી લેતા તાત્કાલિક સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તબિયત લથડતા હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ યુવક એક નાના સામાયિકનો પત્રકાર પણ હોવાની ચર્ચા છે. આમ જ્યારે પત્રકારો જ સલામત નથી ત્યાં આમ આદમીનું અરવલ્લી પોલીસ શુ રક્ષણ કરશે ? તે ચર્ચાનો વિષય છે.




## ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં લોક ડાયરો યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામમાં જય શ્રી ભાથીજી મહારાજ અને શ્રી મહાકાલી માતાજી મંદીરના નવનિર્માણ,લાભાર્થે તા.૫/૪/૨૦૧૬ ને મંગળવારના રોજ રાત્રે ૧૦ વાગ્યાના સુમારે લોક ડાયરો યોજાયો હતો.ગુજરાત રાજ્યના ગુજરાતી ફિલ્મોના લોકલાડીલા કલાકાર વિક્રમ ઠાકોર, શિલ્પા ઠાકોર, નેહા સુથાર ધ્વારા લોક ડાયરો યોજાયો હતો. હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર લોક ડાયરામાં ઉમટ્યા હતા. ભિલોડા પોલીસ ધ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. નારણપુર ગામમાં લોક ડાયરાના પ્રસંગ નિમિત્તે ભિલોડા તાલુકાના રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નારણપુર જય શ્રી ભાથીજી મહાકાલી સેવા ટ્રસ્ટ પ્રમુખ લાલજીભાઈ પાંડોર, મંત્રી જીતેન્દ્રભાઈ મકવાણા, મુકેશભાઈ બામણીયા, રાજુભાઈ પાંડોર, કલ્પેશભાઈ મારીવાડ, બકાભાઈ ચૌહાણ, મુકેશભાઈ તરાર, વિનોદભાઈ મકવાણા, કરણભાઈ મારીવાડ, નાથાભાઈ બામણીયા, લોક ડાયરાના કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.




## પ્રાંતિજમાં ઝવેરીઓએ પરિવાર સાથે રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ ખાતે સુવર્ણકાર વેપારી એસોસીએશન દ્વારા પ્રાંતિજ નાની ભાગોળ નગરપાલિકાથી બજારચોક ભાંખરીયા વિસ્તાર બસ સ્ટેન્ડ સુધી સૂત્રોચ્ચાર કરી પરિવાર સાથે રેલી યોજી હતી. છેલ્લા ૩૫ દિવસથી સોનાની જ્વેલર્સ ઉપર એક્સાઈઝ લાગુ કરવા મુદ્દે ૩૫ દિવસથી ધંધા રોજગાર બંધ રાખતા કરોડોનું ટર્નઓવર ઉપર ફટકો પડ્યો છે. અને એક્સાઈઝ લાગુ કરાવવાનો પ્રચંડ વિરોધ વ્યક્ત કરવાનો નિર્ણય કર્યો છે. જેથી તા. ૭-૪-૨૦૧૬ને ગુરૂવારના રોજ નગરપાલિકાથી બજારચોક, ભાંખરીયા બસ સ્ટેશન સુધી સૂત્રોચ્ચાર, બેનરો, પોસ્ટરો સાથે પરિવારના સભ્યો સાથે પરિવાર રેલી નિકળી હતી. જેમાં એસોસિએશનના પ્રમુખ નલૈષભાઈ સોની, મંત્રી બિપિનભાઈ સોની, ભુમેશભાઈ સોની, મનિષભાઈ ચોકસી સહિત તમામ નાના મોટા સોની ભાઈઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં સોની એકતા જીન્દાબાદ, એક્સાઈઝ ડ્યુટી નાબુદ કરો, કાળો કાયદો દૂર કરો ના સૂત્રોચ્ચાર સાથે રેલી નીકળી હતી અને ખભે કાળી પટ્ટી સાથે એક્સાઈઝ મુદ્દે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

## ભિલોડા મામલતદાર કચેરીમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા મામલતદાર કચેરીમાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ ગુજરાત રાજ્ય સરકાર કેબીનેટ મંત્રી નીતીનભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા કલેકટર છાકછુઆક, અરવલ્લી જીલ્લા ડી.એસ.પી. કે. એન. ડામોર, ભિલોડા મામલતદાર જી. કે. પટેલ, ભિલોડા ટી.ડી.ઓ. જે. બી. મોડીયા સહિત અધિકારીઓ, અરજદારો, રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત રસ્તા, બમ્પ, સાઈડ કાર્ટીગ, સી. સી. રોડ, ગ્રામ પંચાયતના નવિન મકાનો, યુ.જી.વી.સી.એલ., પાણી પુરવઠા, શિક્ષણ, સિંચાઈ, આઈ.સી.ડી.એસ. સહિત વિવિધ સંલગ્ન કચેરીઓમાં અરજદારોને મુઝવતા પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરી તાત્કાલીક ધોરણે તાત્કાલીક નિકાલ લાવવા સંદર્ભે લોક સંવાદ સેતુનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકાના ૧૮૯ અરજદારો ધ્વારા અરજીઓ આવેલ હતી.અમુક અરજદારોના પ્રશ્નોના સ્થળ ઉપર જ નિકાલ આવતા અરજદારો અને વહીવટી તંત્રના અધિકારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. સરકારના કેબીનેટ મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર ધ્વારા અનેકવિધ વિકાસના કાર્યોની વણથંભી વિકાસ યાત્રા સતત કાર્યરત છે.

# ખેડબ્રહ્માવાળી મા અંબાના સાત વાહનોને સોને મઢાયા

## સાત વાહન તૈયાર કરવામાં ૧૮ કીલો ચાંદી અને બે કિલો સોનાનો ઉપયોગ

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા અંબાજી યાત્રાધામ નાના અંબાજી તરીકે જગ વિખ્યાત છે અને મા અંબાના દર્શનાર્થે લાખો શ્રદ્ધાળુઓ આવે છે અને મા અંબાના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવે છે. આ મા અંબાના સાત વાહનોને ૧૮ કીલો ચાંદી અને ૨ કીલો સોનામાં તૈયાર કરવામાં આવ્યા છે જેથી મા ભગવતીના લાખો શ્રદ્ધાળુઓમાં ખુશી પ્રસરી જવા પામી છે.

ખેડબ્રહ્મામાં બીરાજમાન મા અંબાના સાતેય દિવસ જુદા જુદા વાહનની સવારી અને જુદા જુદા સ્વરૂપમાં દર્શન થાય છે. જેમાં શનિવારે ચંડીકા સ્વરૂપમાં મા અંબાને કોઈપણ વાહન ઉપર બીરાજમાન કરવામાં આવતા નથી બાકીના છ વારે જુદા જુદા વાહનની સવારી ઉપર માતાજીના દર્શન થાય છે. જેમાં સોમવારે નંદીની સવારી ઉપર પાર્વતી સ્વરૂપે, મંગળવારે સિંહની સવારી ઉપર મહાકાલી સ્વરૂપે, બુધવારે મોરની સવારી ઉપર સરસ્વતી સ્વરૂપે, ગુરૂવારે



હાથીની સવારી ઉપર મહાલક્ષ્મી સ્વરૂપે, શુક્રવારે ગરૂડની સવારી ઉપર વૈષ્ણવી સ્વરૂપે અને રવિવારે વાઘની સવારી ઉપર દુર્ગા સ્વરૂપમાં માઈ ભક્તોને દર્શન થાય છે. દર પૂનમે કમળની સવારી ઉપર મહાલક્ષ્મી સ્વરૂપે દર્શન થાય છે. આ સાત વાહન ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ૧૮ કીલો ચાંદી અને ૨ કીલો સોનામાં તૈયાર કરવામાં આવ્યા છે. મંદિર ટ્રસ્ટના મેનેજર ઘનશ્યામસિંહ રહેવરના જણાવ્યા અનુસાર ચાંદી અને સોનાને મીક્ષ કરી પાસા બનાવવામાં આવ્યા છે. જે પચાસ વર્ષ પછી પણ વાહન તુટી જાય તો સોનુ અને ચાંદી એવીને એવી જ મળે છે. આ સાત વાહન તૈયાર કરવામાં કારીગરોને અઢી મહીના જેટલો સમય લાગ્યો છે. વળી ટ્રસ્ટ દ્વારા મેઈન ગેટ તથા ગેસ્ટહાઉસ જેવા વિકાસના કામો પ્રગતિમાં છે.

ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રી તા. ૮ એપ્રિલને શુક્રવારથી ઉજવણી કરવામાં આવશે. ઘટસ્થાપન સવારે ૫.૩૦થી ૧૧ વાગ્યા સુધી કરવામાં આવશે. ચૈત્રી નવરાત્રીની મંદિરના ટ્રસ્ટીઓ, મેનેજર તથા કર્મચારીઓ તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

## અરવલ્લી ખાતે મા અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ

મોડાસા, તા. ૭

નવરચિત અરવલ્લીના મોડાસા ખાતે જિલ્લા પ્રભારી અને ગૃહ રાજય મંત્રી શ્રી રજનીકાન્ત પટેલની ઉપસ્થિતીમાં મા અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે શહેરી અને ગ્રામીણ ગરીબોને ગુણવત્તા અને રાહતદરે અનાજ મળી રહે તે માટેનુ સુદઢ આયોજન હાથ ધર્યુ છે. અવિરત વીજપુરવઠો, શિક્ષણ, આરોગ્ય અને સૂકાં વિસ્તારોમાં પાણી પહોંચાડવા સહિતની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડી ગામડાઓને સમૃદ્ધ કરવા પ્રયત્નો હાથ ધર્યા છે.

# શામળાજી આરટીઓ કચેરી ક્લાર્ક તથા વચેટીયો લાંચ લેતા ઝડપાયા

શામળાજી, તા. ૭

અરવલ્લી રાજસ્થાન સરહદે અડીને આવેલ શામળાજી ચેકપોસ્ટ પર એક રાજસ્થાનની જીપના ચાલક



પાસેથી મંથલી એન્ટ્રીટેક્સ ઉપરાંત રૂ. ૧૦૦ની લાંચ લેતા જુનીયર ક્લાર્ક તથા વચેટીયાને રંગેહાથ ઝડપી લઈને જેલ હવાલે કર્યા છે. જેને લઈ કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લીની શામળાજી ચેકપોસ્ટ પર રાજસ્થાનથી ગુજરાતમાં એન્ટ્રી કરવા માટે જીપચાલકો પાસેથી ટેક્સ ઉપરાંત વધારાની રકમ લેવામાં આવતી હોવાની ફરિયાદ વડોદરાના આસીસ્ટન્ટ ડાયરેક્ટર પી.આર. ગેલોત તથા ભરચના એસીબી પીઆઈ પી.ડી. બારોટને મળી હતી. જે અનુસંધાને ડેકોય ટ્રેપનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજસ્થાન પાસિંગની જીપ ધરાવતા જીપચાલક મુસ્તાકભાઈ સંઘાનીને સાથે રાખી વહેલી સવારે ૧ વાગ્યાની આસપાસ તેઓ શામળાજી ચેકપોસ્ટ પર એન્ટ્રી ટેક્સના ૧૫૦૦ રૂપિયા ભરવા ગયા ત્યારે ટેક્સ ઉપરાંત રૂ. ૧૦૦ વધુ ફરજ પરના જુનિયર ક્લાર્ક ગુણવંત મહીડાએ વચેટીયા મુકેશ મોડીયાને વચ્ચે રાખી માંગ્યા હતા. આમ ગેરકાયદેસર લાંચ લેતા જ બન્ને આરોપીને ઝડપી પાડી જેલ હવાલે કરવામાં આવ્યા છે. આ સમગ્ર ટ્રેપ દરમિયાન ઓડિયો તથા વિડીયો ઉપકરણો વાપરવામાં આવ્યા હતા.

# ખેડબ્રહ્માના શિતોલમાં રસોઈની મજુરીના મામલે કાતર વડે હૂમલો

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકાના શિતોલ ગામે લગ્નના રસોડાની બાકી મજુરીની રકમ આપી દીધા બાદ કંઈપણ બોલા ચાલ્યા વગર કાતર વડે હૂમલો કરી પેટના ભાગે ઈજા પહોંચાડવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં એક ઈસમ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો અનુસાર શિતોલ ગામના અમૃતભાઈ હીરાભાઈ ખોખરીયા ઉં.વ. ૩૫ની દિકરીના લગ્નમાં તેજ ગામના ભીખાભાઈ શંકરભાઈ ખોખરીયાએ રસોઈ બનાવી હતી. દરમિયાન બુધવારના રોજ રાત્રે આઠ વાગ્યાના સુમારે અમૃતભાઈ ગામની પ્રાથમિક શાળા પાસે ઉભા હતા ત્યારે ભીખાભાઈ ત્યાં આવ્યા હતા અને રસોડુ કરવાની બાકી રકમની માગણી કરી હતી. જેથી રૂ. ૫૦૦ સ્થળ ઉપર જ ભીખાભાઈને આપી દીધા હતા અને અમૃતભાઈ તેમની બાઈક ઉપર ઘરે જવા રવાના થયા હતા પણ ભીખાભાઈએ તેમને પાછા બોલાવ્યા હતા. અને કઈપણ બોલાચાલ્યા વગર હાથમાની કાતર વડે હૂમલો કરી પેટના ભાગે ઈજા પહોંચાડી હતી. બુમાબુમ થતા ભીખાભાઈ ગાળો બોલતા ત્યાંથી ચાલ્યા ગયા હતા અને અમૃતભાઈની દીકરી યમુનાબેન અને ફળીના લોકો ત્યાં દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત અમૃતભાઈને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે અમૃતભાઈ ખોખરીયાએ શિતોલ ગામના જ ભીખાભાઈ શંકરભાઈ ખોખરીયા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સર્વરોગ નિદાન અને રકતદાન શિબિર યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ આરોગ્ય દિવસ ની ઉજવણીના ભાગરૂપે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મફત સર્વ રોગ નિદાન અને રકતદાન શિબિર કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મફત સર્વરોગ નિદાન કેમ્પ તથા હિંમતનગર બ્લડ બેંકના સૌજન્યથી રકતશિબિર કેમ્પ પણ યોજાયો હતો. જેમાં ૪૦ જેટલાં રકતદાતાઓએ રકતદાન કર્યુ હતુ. જયારે ૩૫૦થી પણ વધારે પ્રાંતિજ તથા તાલુકાઓમાંથી લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. જેમાં નિષ્ણાંતો દ્વારા દર્દીઓની તપાસ કરી તેમને મફત દવાઓ પણ આપવામાં આવી હતી જયારે આ પ્રસંગે મેડીકલ ઓફિસસર ડાં. જે. કે. પ્રણામી, સ્ત્રી રોગ નિષ્ણાત જીનેશ બી. રાઠોડ, આંખના રોગના નિષ્ણાંત ડૉ. કોમલ અંધારીયા દ્વારા આવનાર દર્દીઓને ચકાસણી કરી દવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડાં. મનીષ ફેન્સી તથા તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક ઉપસ્થિત રહ્યા હતાં.




## મેઘરજ નગરની દેના બેંકમાં ભીડથી પરેશાની

મેઘરજ નગરમાં દેના બેંક ૨૦૧૧ થી એ.ટી.એમ. અને અદ્યતન સુવિધા સાથે જમનાદાસ કોમ્પલેક્ષમાં બેંક ટ્રાન્સફર કરી રાબેતા મુજબ ચાલુ કરવામાં આવી હતી. પરંતુ દેના બેંકની સર્વિસ સારી હોઈ ગ્રાહકો આકર્ષાયા હતા અને બેંકમાં વેપારીઓ તથા ગ્રામજનોએ એકાઉન્ટ ચાલુ કરાવ્યા હતા. પરંતુ સરકારની અવનવી યોજનાઓ આવતા મનરેગા તથા સ્કૂલના વિદ્યાર્થીઓના એકાઉન્ટ દેના બેંકમાં ખોલતા હવે બેંકમાં પૈસા જમા કરાવવા કે ઉપાડવા માટે કલાકો સુધી લાઈનો લાગે છે. જ્યારે બેંકના મેનેજર બ્રહ્માનંદ પેટકરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે હાલ ૯૦ હજાર બેંકના ગ્રાહકો છે. અને દિવસના ૬૦૦ ગ્રાહકો લેવડદેવડ માટે આવે છે અને તેમાંથી જે ગામડાના ગ્રાહકો હોય છે તે ભાગ્યે જ એ.ટી.એમ.નો ઉપયોગ કરે છે. જેથી બેંકમાં ભીડ જેવી પરિસ્થિતિ સર્જાય છે. સાથે સાથે એટીએમમાં આવતા ગ્રાહકો જેને એટીએમનો ઉપયોગ કરતા નથી આવડતો તેમને ગાર્ડ દ્વારા શીખાડવામાં આવે છે. છતા પણ લોકો એટીએમનો ઉપયોગ ટાળે છે.

# તલોદ કોલેજમાં નિવૃત્ત કર્મચારીઓને સન્માન સમારંભ યોજાયો

તલોદ, તા. ૭

તલોદની એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ ખાતે સંસ્થાના નિવૃત્ત થતા વહીવટી કર્મચારી વર્ગ-૩ અને વર્ગ-૪ તથા નિવૃત્ત થતા પ્રોફેસરનો નિવૃત્તિ કાર્યક્રમ પૂર્વ પ્રિન્સિપાલ આર.એલ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. મુખ્ય મહેમાનપદે તલોદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રો. આર.બી. સોલંકી ખાસ ઉપસ્થિત રહી પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતું.

સંસ્થામાંથી દીર્ઘકાલીન અધ્યાપક અને ઉપાચર્ય તરીકેનો સેવાઓ આપનાર પ્રો. તુષાર ત્રિવેદી, ડૉ. વી.પી. ચૌહાણ, પ્રો. એમ.એસ. પટેલ તેમજ વહીવટી કર્મચારીઓમાં ઓફીસ સુપ્રિ. જગતસિંહ બી. સોલંકી, જુનિયર ક્લાર્ક રહેમનભાઈ મન્સુરી, વી.એસ. પરમાર તથા સ્વીપર તરીકે સેવા આપનાર આર.એન. સોલંકીની સેવાઓને બિરદાવવામાં આવી હતી અને તેઓને પુષ્પગુચ્છ, મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના ઘડતરમાં અધ્યાપકોના રહેલા યોગદાનના પ્રસંગો આલેખીને ગુરૂવંદના વ્યક્ત કરી હતી. અધ્યક્ષ સ્થાનેથી પ્રિન્સિપાલ પ્રિ. આર.એલ. પટેલે વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંયમ, સેવા અને ચારિત્ર્ય ઈત્યાદિ ગુણઓની ખીલવણીમાં શિક્ષકના રહેલા ઉત્તરદાયિત્વનો ખ્યાલ આપ્યો હતો અને સંસ્થા સાથેના પોતાના સ્મરણો વાગોળીને સંસ્થાની ઉજ્જવળ પરંપરાનો ખ્યાલ આપ્યો હતો.